
Trust Regd No. E/22272/Ahmedabad

# કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ

૩૩૨, સર્વોદય કોમર્શીયલ સેન્ટર, જી.પી.ઓ.પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧.
મો. : ૯૮૧૯૨૩૮૪૨૨, ૯૧૬૭૪૬૬૩૩૯, ૯૬૮૭૩૦૭૦૧૭

## પ્રભુ મહાવીર સમાજવાદની ભાવના વિકસાવીને લોકશાહીના પ્રણેતા બન્યાં છે

સામાન્ય જનતા 'સમાજવાદ'ને કલ્પવૃક્ષ માને છે અને રાજકારણીઓ એને જાદુઈ ચિરાગ સમજીને તેનો મનસ્વી રીતે ઉપયોગ કરે છે, પણ સમાજવાદના અર્થની ગતાગમ ઘણા ઓછાને હશે. આપણે જો **'સમાજવાદ'**નો સાચો અર્થ સમજવો હોય, તો વિશ્વના ઈતિહાસમાં ડોકીયું કરીને મહાવીર, કાર્લ માર્કસ અને ગાંધીજીની વિચારધારા સમજવાની ખાસ જરૂર છે. હકીકતમાં 'સમાજવાદ' એ મૂડીવાદનું સંતાન છે, એટલે સમાજવાદને સમજવા માટે




ટ્રેડ યુનિયન પ્રવૃત્તિનો પાયો નાખનાર રોબર્ટ ઓવેન મૂડીવાદી રાજ્ય વ્યવસ્થાને સારી રીતે સમજ્યો હતો અને તે માનતો કે ભૂતકાળમાં માનવજાત પાસે સૌ સુખી અને સંસ્કારી જીવન જીવી શકે તેટલી સંપત્તિ ન હતી. યંત્ર ઉદ્યોગના વિકાસે તે પરિસ્થિતિ બદલી નાખી અને ઉત્પાદનમાં જંગી વધારો થયો, પણ સ્થાપિત હિતો તેની યોગ્ય વહેંચણી થવા દેતા નથી, પરિણામે આ વિકાસનો લાભ નીચલા સ્તર સુધી મળતો નથી અને તેના કારણે એક બાજુ અતિ ગરીબાઈ અને બીજી બાજુ

મૂડીવાદની ફીલસૂફી સમજવી અનિવાર્ય છે. મૂડીવાદનો જન્મ થયો, તે અગાઉ આપણા દેશમાં સામંતશાહી રાજ્ય વ્યવસ્થા હતી. જેમાં રાજાઓ પોતાને દેવોના વારસદાર જાહેર કરીને પોતાના રાજ્યની જમીન રાજ્યમાં વસવાટ કરતી પ્રજા (રૈયત)ને ખેડવા આપતા અને મહેનત, મજૂરી કે વેઠ કર્યા વગર રાજાઓ મફતમાં ખેડૂતો પાસેથી ચોથો કે છઠ્ઠો ભાગ પડાવતાં અને પોતે એશઆરામમાં કે પોતાની સત્તા વધારવા અર્થે લડાઈઓમાં રચ્યાંપચ્યાં રહેતા. જતે દહાડે આ જુલમખોર રાજાઓ સામે બળવો થયો અને પ્રજાના શક્તિશાળી વર્ગે રાજાઓના અધિકાર ખતમ કરી નાખ્યાં અને તેમના સ્થાને વેપારીઓ અને ઉદ્યોગપતિઓનું વર્ચસ્વ સ્થાપિત કર્યું, જેને આપણે 'મૂડીવાદ' તરીકે ઓળખીએ છીએ.

આમ મૂડીવાદ એટલે નફાલક્ષી ઉત્પાદન પધ્ધતિ અને વિતરણ વ્યવસ્થા. આ વ્યવસ્થામાં વધુ નફો મેળવવા માટે સામાન્ય ગરીબ જનતા પ્રત્યેની ફરજ ન બજાવતા અછત કે અકાળના સમયમાં સંગ્રહ કરેલા માલ પર વધુને વધુ નફો મેળવીને જ્યારે પ્રજાનું શોષણ થવા લાગ્યું, ત્યારે આ પધ્ધતિ સામે રી-ત-સ-ર લડતના મંડાણ થયા અને જે વિચારધારા પ્રગટી, તેને આપણે સમાજવાદના નામથી ઓળખીએ છીએ. 'સમાજવાદ' શબ્દનો પહેલો ઉપયોગ કરનાર અને ઈંગ્લેન્ડમાં

માલના ભરાવાની વિષમતા સર્જાય છે. આ માટે 'કંઈક' કરવું જરૂરી છે.

બ્રિટનના અનેક ચિંતકો માને છે કે ગરીબો આળસુ, આગળ વધવાની ધગશ વગરના અને અલ્પ બુધ્ધિયોનિમાં જન્મેલા હોવાથી તેઓ પછાત રહી ગયા છે. રોબર્ટ ઓવેને આવા વિચારોનો સખત વિરોધ કર્યો અને જણાવ્યું કે મનુષ્યના ચારિત્ર્યના ઘડતરમાં જીવનના સંજોગો મહત્ત્વનો ભાગ ભજવે છે અને તેનું માનસ પણ તેના આધારે ઘડાય છે. આ સંજોગો સમાજ વ્યવસ્થાને કારણે ઊભા થાય છે. ગરીબોના પછાતપણા અને અવદશા માટે સમાજના સંયોગો જવાબદાર છે. આ સંજોગો બદલાય, તો તેઓ સુખી-સંસ્કારી જીવન જીવી શકે છે અને સમાજે આ સંજોગો બદલવા વિર્યવાન પ્રયત્નો કરવા જોઈએ. રોબર્ટ ઓવેને આવા પ્રભાવશાળી વિચારો વિકસાવીને વિદાય લીધી, તે પછી કાર્લ માર્કસની પ્રતિભા વિકસવા લાગી.

કાલ માર્કસ અને તેના સાથી ફ્રેડરિક એન્ગલ્સે સમાજવાદી વિચારધારાને નવું સ્વરૂપ આપવા માનવ ઈતિહાસને વર્ગ સંઘર્ષમાંથી ક્રાંતિ કરીને માનવ સમાજના રૂપાંતરનો ખ્યાલ વિકસાવ્યો. કાર્લ માર્કસના અભિપ્રાય પ્રમાણે માનવ સમાજના પ્રારંભકાળમાં શિકાર જ માત્ર આજીવિકાનું સાધન હતું, ત્યારે બધાને હથિયાર રાખવાનો

અધિકાર હતો. કાળક્રમે ઉત્પાદનના અન્ય સાધનો ચોક્કસ વર્ગ પાસે આવતા ગયા, તેમ તેમણે પોતાની મિલ્કતના રક્ષણ માટે હથિયાર રાખવાનો અધિકાર મર્યાદિત બનાવીને આશ્રિતોને હથિયાર વગરના બનાવીને રાજયતંત્ર અસ્તિત્વમાં લાવવામાં આવ્યું. પરિણામે ઉત્પાદનના સાધનોના માલિકો સીધા કે આડકતરા રાજયતંત્ર પર વર્ચસ્વ જમાવીને સામાન્ય પ્રજાજનોના શોષણના નિમિત્ત બનતા. રાજયતંત્રને ક્રાંતિ દ્વારા ઉથલાવવાનો ખ્યાલ પ્રચલિત કર્યો. આમકાર્લ માર્કસની વિચારધારામાં હિંસાની અનિવાર્યતા સ્વીકારાઈ અને લોકશાહીને વરેલા રાષ્ટ્રો મૂડીવાદીઓની સરમુખત્યારશાહી છે, એવી જોરદાર રજુઆત કરી. કારણ કે પૈસા વગર ચૂંટણી લડી શકાતી નથી અને **પૈસા મૂડીવાદી પાસે હોવાથી મૂડીવાદીઓની તરફેણ કરનારા ચૂંટણી જીતી શકે છે.** એમ કહીને લોકશાહી પ્રક્રિયાનો વિરોધ કર્યો.

માર્કસે ભલે સમાજવાદી વિચારો એક સૂત્રે બાંધ્યા પણ લોકશાહીના પ્રશ્ને સમાજવાદી વિચાર ધરાવનારાઓમાં બે ભાગલા પડ્યા. પહેલા વિશ્વયુધ્ધ વખતે લોકતંત્ર મારફત સમાજવાદ ઈચ્છનારાઓએ દેખીતી રીતે પોતાના દેશની સરકારને ટેકો જાહેર કર્યો, જ્યારે ક્રાંતિ દ્વારા સમાજવાદ ઈચ્છનારાઓએ પોતાના દેશની સરકારને ટેકો ન આપતા રાષ્ટ્રદ્રોહી બન્યા. જેઓએ લોકશાહી રાજતંત્રને ટેકો આપીને 'સમાજવાદ'નો નારો આપ્યો, તેઓ સમાજવાદી કહેવાયા, જ્યારે ક્રાંતિ દ્વારા સમાજવાદ લાવવાની વાતો કરનારા 'સામ્યવાદી' કહેવાયા. બીજી બાજુ મૂડીવાદી એટલો બધો ઝડપી વિકસી ગયો કે મુખ્ય મૂડીવાદી રાષ્ટ્રોએ પછાત દેશોને પોતાના આશ્રિત (સંસ્થાન) બનાવવાનું શરૂ કર્યું અને તેઓ પછાત રાષ્ટ્રોમાંથી કાચો માલ પોતાના દેશમાં સાવ સસ્તા ભાવે લઈ પાકા માલમાં રૂપાંતર કરી ફરી એ જ પછાત દેશોમાં ઊંચા ભાવે વેચવા લાગ્યા. લેનિને આ કાર્ય પધ્ધતિનો ઝીણવટભર્યો અભ્યાસ કરી આંકડાઓ સાથે 'રાજ્ય અને ક્રાંતિ' નામના પોતાના પુસ્તકમાં એ વિગતો પ્રગટ કરી, ત્યારે ક્રાંતિકારી સમાજવાદી (સામ્યવાદી)ઓમાં હલચલ મચી ગઈ અને સમાજવાદ માટે ક્રાંતિની અનિવાર્યતા સૌને લાગી. પહેલા વિશ્વયુધ્ધથી બીજા વિશ્વયુધ્ધ સુધી બંને પ્રકારના સમાજવાદીઓને પોતાના વિચારો અમલમાં મૂકવાની તક મળી, પણ બંને પ્રકારના સમાજવાદીઓ મૂડીવાદ પર સમાજવાદની સરસાઈ પૂરનાર કરવામાં નિષ્ફળ નિવડ્યાં.

એક બાજુ લોકશાહીમાં અખૂટ શ્રધ્ધા રાખનાર સમાજવાદીઓને યુરોપના ઘણા દેશોમાં સરકાર રચવાની તક મળી, પણ આ વરસો આર્થિક કટોકટીના હોઈ, તેઓ પોતાના ખ્યાલો અમલમાં મૂકી શક્યા નહીં. બીજી બાજુ રશિયામાં સત્તા પર આવેલા ક્રાંતિકારી સમાજવાદીઓએ રશીયન પ્રજામાં જીવનની જરૂરી ચીજોનું વિતરણ કર્યું અને સામાજિક સલામતિ બક્ષી, પણ વિચારોની અભિવ્યક્તિ પર અંકુશ લગાવીને રાજકીય અસહિષ્ણુતા દાખવી સત્તાસ્થાને સરમુખત્યાર બની બેઠેલાં સ્ટાલિને પોતાના હજારો બિરાદરોને મોતને ઘાટ ઉતાર્યા. **પરિણામે વિશ્વભરના વિચારકોને લાગ્યું કે સામ્યવાદ કે ક્રાંતિવાદી સમાજવાદ અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો વિરોધી છે.**

આ પછી સન ૧૯૩૦માં આખાય વિશ્વમાં જબરજસ્ત મંદી આવી. સમૃધ્ધિથી છલકાતા રાષ્ટ્રોના અર્થતંત્ર ભાંગી પડ્યાં અને અનેક વિકસિત કે અર્ધવિકસિત રાષ્ટ્રો મુશ્કેલીમાં મૂક્યા. શ્રમ કરનારી વસ્તીનો ચોથો ભાગ બેકારીના ખપ્પરમાં હોમાઈ ગયો. આર્થિક મુશ્કેલીઓ, ભારે ફુગાવાજન્ય પરિસ્થિતિ અને જર્મની જેવા દેશને લડાઈનો દંડ પણ ભરવાનો હતો. આવી પરિસ્થિતિમાં જર્મનીમાં પ્રથમ સમાજવાદની અને પછી રાષ્ટ્રવાદની ભરતી આવી. જ્યારે સમાજવાદીઓ નિષ્ફળ ગયા, ત્યારે હિટલરે રાષ્ટ્રીય સમાજવાદ નેશનલ સોશ્યાલિઝમ(ટૂંકમાં નાઝીવાદ)નો નારો પ્રચલિત કર્યો. હિટલર જર્મની અને તેના મિત્ર રાજ્યોનું શાસન વિશ્વમાં સ્થાપવા અને જર્મની માટે મોટું બજાર ઉભું કરવાની (સંસ્થાને લાભ મેળવવાની) ગણતરી હતી.

૧લા વિશ્વયુધ્ધથી બીજા વિશ્વયુધ્ધ દરમિયાન મૂડીવાદની ઘણી ખરી નબળાઈઓ છતી થઈ ગયેલી. મૂડીવાદીઓ પોતાનું અસ્તિત્વ ટકાવવા મુક્ત અર્થતંત્રના ખ્યાલને બાજુએ રાખીને તેના પર અંકુશો લાદવા લાગ્યા, એટલું જ નહીં પણ તેજી-મંદીના ચક્ર અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર પર કાબુ રાખવા રાજ્યની દખલગીરીને માન્યતા આપીને મુક્ત વેપારનો આવાજ ધીમો કર્યો. સન ૧૯૪૫માં યુધ્ધ બંધ થયું, ત્યારે મૂડીવાદી રાષ્ટ્રોએ આયોજનના સમાજવાદી ખ્યાલને માન્યતા આપી અને દુનિયાના મોટાભાગના દેશોએ 'કલ્યાણરાજ'ની કલ્પનાનો સર્વત્ર સ્વીકાર થતાં સમાજવાદે મૂડીવાદ પર વિજય હાંસલ કર્યો.

આ સમય દરમિયાન ભારત અને ઈજિપ્તે સામ્રાજ્યવાદી ઘૂસરીમાંથી મુક્ત થયેલા સંસ્થાનો (આશ્રિત રાજ્યો) સમાજવાદથી ઝડપી વિકાસ સાધી શકશે એવા વિકાસના મધ્યમ માર્ગની ઘોષણા કરી. આમાં રાજ્ય જાહેર ક્ષેત્ર દ્વારા પોતાના નાણાં રોકાણથી આંતરમાળખું વિકસાવે અને ખાનગી ક્ષેત્ર ઝડપભેર વિકાસ સાધે એવી ભૂમિકા રજૂ થઈ. ખાનગી ક્ષેત્ર પણ સામાજિક નિયંત્રણો હેઠળ અને સામાજિક હેતુલક્ષી કામ કરે તે નહેરુ-નાસરની નીતિનું મુખ્ય લક્ષણ હતું. પ્રમુખ નાસરના મૃત્યુ પછી ઈજિપ્ત પશ્ચિમ તરફ ઢળવા લાગ્યું છે, જ્યારે ભારત હજી પણ નહેરુના સમાજવાદી નીતિ આગળ ધપાવી અને રાજાઓના સાલિયાણાં બંધ કર્યા. બીજી તરફ મોરારજી દેસાઈને મૂડીવાદના સમર્થક તરીકે ચીતરવાના પ્રયાસમાં બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું. અલબત્ત એમકરવાથી ભારતીય અર્થતંત્રના પાયાને મજબૂત કર્યા અને ઠેઠ ગામડાં સુધી બેંકો લઈને અર્થતંત્રને ગતિશિલતા બક્ષી.

સન ૧૯૪૫ થી સન ૧૯૬૫ના સમયગાળામાં મૂડીવાદે પોતાનું સ્વરૂપ બદલ્યું. તેમણે ગ્રાહકવાદનો સ્વીકાર કરીને સામાન્ય માનવીને

પોતાના તરફ આકર્ષવાનો પ્રયાસ કર્યો, એટલું જ નહીં પણ મૂડીવાદે સમાજવાદી દેશોને પણ પોતાના વ્યાપારી માળખામાં સમાવી લઈને ગરીબ દેશોના અર્થતંત્રમાં પગપેસારો કર્યો. આટઆટલું કર્યા છતાં મૂડીવાદ પોતાના આંતર વિરોધોથી મુક્ત નથી થઈ શક્યો. સન ૧૯૭૨ થી ૧૯૭૯ સુધીના મંદી સાથે ફુગાવાએ બતાવી આપ્યું કે મુડીવાદની નીતિઓએ સફળતા હાંસલ કરી નથી. બીજી બાજુ યુરોપના સામ્યવાદીઓએ પણ લોકશાહીની ભાવનાનો સ્વીકાર કરીને હિંસાના વાતાવરણથી પોતાનો નાતો કાપી નાખવાની વખતોવખત ઘોષણા કરતા રહ્યાં છે.

સમાજવાદ અને મૂડીવાદ અંગેની આટલી ચર્ચા કર્યા પછી આપણે સમાજવાદની ભાવના ક્યાંથી ઉદ્ભવી અને એ વિચારધારાને કોણે કઈ રીતે ગતિ આપી, તેના ઊંડાણમાં જઈએ, તો જૈન ધર્મનું દર્શન અને ભગવાન મહાવીરનો ઉલ્લેખ કર્યા વગર છુટકો નથી. આજથી લગભગ ૨૬૦૦ થી વધુ વર્ષો પહેલાં લોકશાહીની ભાવના પ્રગટ કરીને ભગવાન મહાવીરે સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ ચર્તુવિધ સંઘનો નિર્ણય આખરી ગણાવ્યો છે. મહાવીરે ક્યારે પણ પોતાના વિચારો બીજા પર લાધ્યા નથી. જૈન ધર્મમાં અપરિગ્રહનો સિધ્ધાંત પણ મહાવીરની દેન છે. આમે ભારતીય સંસ્કૃતિના ઘડતર અને વિકાસમાં મહાવીરની વિચારધારાએ મહત્વનો ભાગ ભજવ્યો છે અને ભારત નાસ્તિકવાદના માર્ગે જતું અટકી ગયું છે.

મહાવીર સ્વામીના જન્મ પહેલા (લગભગ એકસો વર્ષ પહેલા) જે તત્ત્વ-ચિંતકો થયા, તેમાં નાસ્તિકવાદના પ્રણેતા ચાર્વાક મુખ્ય હતા. પ્રચંડ મેધાવી, તેજસ્વી, ભૌતિકવાદી ચાર્વાકના તર્કો એટલા પ્રબળ હતા કે, જે સામે તે સમયના ચિંતકો તેમની સીધી ટક્કર લઈ શકતા ન હતા. આધુનિક યુગમાં ચાર્વાક જેવા જ તેજસ્વી તત્ત્વ ચિંતક કાર્લ-માર્કસને ગણી શકાય. તેમણે જાહેરમાં કહ્યું હતું કે ધર્મ તે જનસામાન્ય માટે અફીણ છે. ચાર્વાકની જેમજ માર્કસ પણ આધ્યાત્મિકવાદ (આસ્તિકવાદ)નો અસ્વીકાર કરે છે, પણ કાર્લ માર્કસના ગુરુ ફ્રેડ્રિક ફોન હેગલે કહ્યું હતું કે ચેતના દ્વારા પદાર્થને જાણી શકાય છે, પણ પદાર્થ દ્વારા ચેતનાને જાણી શકાતી નથી, ભગવાન મહાવીર પણ એવી જ સમજ ધરાવતા હતા. તેમણે કહ્યું કે ચેતના અણુઅણુમાં વ્યાપ્ત છે. ચેતના જ પદાર્થનું જ્ઞાન આપે છે. આજના વૈજ્ઞાનિકો મહાવીરની ફિલસૂફીની રસપૂર્વક ચર્ચા કરે છે અને તેનો સ્વીકાર કરે છે. મહાવીરે માનવ મનની અગાધ શક્તિઓ વિષે જેટલું મનન કર્યું છે, તેટલું ચિંતન વિશ્વના કોઈ તત્ત્વ ચિંતકોએ કર્યું નથી. તેમણે મનની સ્વસ્થતા કેળવવાની વાત કરીને અહિંસાનો રાહ બતાવ્યો. જેમાં સહજતાથી આપણે સુખ અને શાંતિ મેળવી શકીએ. જ્યારે કાર્લ માર્કસે પોતાના ગુરુ હેગલના સિધ્ધાંતોથી વિરુધ્ધ કહ્યું કે પદાર્થ જ ચેતનાનું સર્જન કરે છે, ચેતના પદાર્થ સર્જાવી શકતી નથી.

કાર્લ માર્કસના વર્ગ સંઘર્ષ અને હિંસક ક્રાંતિના વિચારોએ વિશ્વભરમાં હાહાકાર મચાવી દીધો હતો. ચાર્વાકના નાસ્તિકવાદના સિધ્ધાંતોને અનુસરીને કાર્લ માર્કસ અને તેમના સાથીઓએ જે પ્રચાર કર્યો, એથી પશ્ચિમના દેશોમાં માર્કસના અનુયાયીઓની સંખ્યા દિન પ્રતિદિન વધતી ગઈ. આમે ચાર્વાકે કહ્યું હતું કે વિશ્વ પરમાણુમાંથી જ સર્જાયું છે અને પરમાણુમાં જ વિસર્જિત થવાનું છે, તો પછી આત્મા કે પરમાત્માનો પ્રશ્ન જ ક્યાં રહે છે? આ પંચ મહાભૂત અને જગત સત્ય છે. ઈશ્વર જેવું કશું છે જ નહીં. હોઈ શકે નહીં. ચાર્વાકના બધા જ અનુયાયીઓ માર્કસવાદી બની ગયા. ચાર્વાકના અનુયાયીઓનું જોર એટલું વ્યાપક હતું કે તેમને પડકારનારું કોઈ રહ્યું ન હતું. પશ્ચિમના રાષ્ટ્રો ભૌતિકવાદી બની ગયા અને ભારત પણ આધ્યાત્મવાદ છોડીને ભૌતિકવાદ તરફ વળી જશે, એવું વાતાવરણ સર્જાયું.

આ સમયે મહાવીરે દોર સંભાળી લીધો. વેદાન્તીઓ, તત્ત્વચિંતકો અને દાર્શનિકોએ કાર્લ માર્કસ અને તેના ગુરુ ચાર્વાકની ભૌતિકવાદી વિચારધારા સામે ટક્કર લેવા ઘણા પ્રયત્નો કર્યા અને તેમાં તેઓ નિષ્ફળ નિવડ્યાં પણ મહાવીરે મનથી સ્વસ્થ રહીને ચાર્વાકીઓના અનુયાયીઓને ત્રણ પ્રશ્નો પૂછ્યા. એક તો વિશ્વ અણુ-પરમાણુનું બનેલું છે, તે માન્ય છે? ચાર્વાકીઓને તે સ્વીકારવું જ પડે એમહતું, કારણ કે તે તો તેમનો મૂળ સિધ્ધાંત હતો. બીજો તર્ક રજૂ કર્યો કે વિશ્વ પંચતત્ત્વ (પૃથ્વી, જળ, વાયુ, તેજ (ઉષ્મા) અને આકાશ)નું બનેલું છે તે સાચી વાત છે? ચાર્વાકીઓએ હા પાડી. કારણ કે તે તેમનો મત હતો. મહાવીરે ખૂબ જ કુનેહપૂર્વક ત્રીજો સિધ્ધાંત રજૂ કર્યો કે પરમાણુથી પણ સૂક્ષ્મ-સૂક્ષ્માતિસૂક્ષ્મ 'અણુઓ' પણ રહેલાં છે, તેને 'તન્માત્રા' કહેવાય છે. આ 'તન્માત્રા આદિ અણુ' છે, જેનું સર્જન ક્યારે થયું હશે, તે કોઈ જાણતું નથી, તેનું અસ્તિત્વ કઈ રીતે રહ્યું છે, તે કોઈ સમજી શકતું નથી. તેનો વિલય પણ જાણી શકાતો નથી. મારા પ્રિય ભાઈઓ, બોલો. આનો ઉત્તર શો છે? ચાર્વાકના વિચારોની તરફદારી કરતા તત્ત્વચિંતકો પાસે આનો ઉત્તર ન હતો. તેઓ ચૂપ થઈ ગયા અને પોતાનો પરાજય સ્વીકારી લીધો.

આમ મહાવીરના જ્ઞાનથી ઈશ્વરી શક્તિનો વિશ્વએ સ્વીકાર કર્યો અને ભારત નાસ્તિવાદના માર્ગે જતું અટકી ગયું. જીવનની દરેક કટોકટી કરતાં 'શ્રધ્ધાની કટોકટી' સૌથી વિકટ છે. આપણે અત્યારે 'શ્રધ્ધાની કટોકટી'માંથી પસાર થઈ રહ્યાં છીએ. ભારતમાં અત્યારે જે હિંસાનું વાતાવરણ પેદા થયું છે, તેનું મુખ્ય કારણ આપણે ભૌતિકવાદનું આંધળું અનુકરણ કરી રહ્યા છીએ. મહાત્મા ગાંધીજી આ હકીકત સારી રીતે સમજ્યા હતા, એટલે તેઓએ મહાવીરના સાચા અનુયાયી બનીને અહિંસાનો વ્યાપક પ્રચાર કર્યો હતો અને મનથી આચરણ કરીને આઝાદીની લડતને વેગ આપ્યો હતો. વેદાંતીઓએ પણ તન્માત્રા (બિંદુ)નો સ્વીકાર કરીને જણાવ્યું હતું કે ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારને દર્શાવતી ૐકારની ત્રણ માત્રાઓ છે, જેનો આદિ કે અંત જાણી શકાતો નથી. આમભારત નાસ્તિવાદના માર્ગે જતું અટકી ગયું

અને ૐકાર ભારતીય સંસ્કૃતિનું પ્રતિક બની શ્રધ્ધાનો સ્રોત બની રહ્યો છે.

ભારતના રાજકારણમાં ‘સમાજવાદ’ શબ્દનો અર્થ સમજ્યા વગર આજના રાજકારણીઓ પોતાને ‘સમાજવાદી’ તરીકે ઓળખાવે છે, પણ તેમનું વર્તન મૂડીવાદી હોઈ, તેઓ સમાજવાદના સિધ્ધાંતો નિષ્ઠાથી અમલમાં મૂકતા નથી. પરિણામે આજે ‘સમાજવાદ’ વિષે ઘણી ગૂંચવણો ઊભી થઈ છે. સમાજવાદને અત્યંત સાદી ભાષામાં સમજાવવું હોય, તો આ રીતે સમજાવી શકાય.

(૧) મૂડીવાદી એટલે જો તમારી પાસે બે ગાય હોય, તો એના આધારે ત્રીજી ગાય માટે બેંકમાંથી લોન મેળવી નફો વધારો.

(૨) ગાંધીવાદ એટલે તમારી જરૂરત સંતોષવા એક ગાય તમારી પાસે રાખી બીજી ગાય સ્વેચ્છાએ (કશા દબાણ વગર) જરૂરતમંદને આપી દો. (ગાંધીજીએ વાલીપણાનો સિધ્ધાંત પ્રચલિત કર્યો હતો, તે વાચકોને યાદ હશે.)

(૩) લોકશાહી સમાજવાદ એટલે તમારી ગાયો તમારી પાસે જ રાખો, પણ તમારા જરૂરતથી વધારાનું દૂધ સરકારે નક્કી કરેલા ભાવોએ વહેંચો.

(૪) સામ્યવાદ એટલે બંને ગાયો સરકાર લઈ લેશે. તેના બદલામાં તમને આખી જિંદગી સુધી છાશ મફત આપવામાં આવશે.

‘સમાજવાદ’ શબ્દનો પ્રથમ ઉપયોગ ભલે રોબર્ટ ઓવેને કર્યો છે, પણ સમાજવાદ અને લોકશાહીની ભાવના તો મહાવીરના સમયમાં વ્યક્ત કરાઈ છે. આજે ભલે સમાજવાદ વિચારધારાનું તેજ હણાઈ ગયું છે, પણ જતે દહાડે આ વિચારધારા આપણા દેશવાસીઓમાં સુખ અને શાંતિનું નિર્માણ કરશે, એ વિષે કશી શંકા નથી.

**ભવાનજી ગાલા**
**માનદ્ તંત્રી : ‘કચ્છ રચના’**

# કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓ




## KUTCH RACHANA GRAMYA VIKAS TRUST

SARASWAT CO.OP BANK : BRANCH : NARANPURA, VADAJ, AHMEDABAD.
A/c. No. 366100100000346 - IFSC CODE : SRCB0000366

**આપનું દાન ઓનલાઈન પણ સ્વીકારવામાં આવશે.**
**ઓનલાઈન દાન કર્યા બાદ સંસ્થાને જાણ કરવા વિનંતી.**

મો. : ૯૩૨૧૬૧૪૬૬૬, ૯૮૧૯૨૩૮૪૨૨, ૯૧૬૭૪૬૬૩૩૯, ૯૬૮૭૩૦૭૦૧૭

**સંસ્થાને અપાતું દાન કલમ ૮૦-જી (૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**